RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 92, Dt.27-06-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હવે મર્યાદા કરતાં વધુ સીમ કાર્ડ હશે તો ૩ લાખ સુધીનો દંડ

## આજથી નવો ટેલિકોમ કાયદો અમલમાંઃ ગત ડિસેમ્બરમાં આ કાયદાને બંને ગૃહોએ આપી હતી મંજૂરીઃ નવા નિયમ મુજબ હવે એક ઓળખ કાર્ડ પર ૯ સિમ કાર્ડ રજિસ્ટર કરાવી શકાશેઃ નકલી સીમ કાર્ડના ગુનામાં થશે જેલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ૨૬ જૂનથી નવો ટેલિકોમ કાયદો અમલમાં આવ્યો છે. ટેલિકોમના ક્ષેત્રમાં સતત થઈ રહેલા નવા ટેક્નોલોજીકલ ફેરફારોને ધ્યાનમાં રાખીને નવો ટેલિકોમ કાયદો લાવવામાં આવ્યો છે. આ નવા ટેલિકોમ્યુનિકેશન એક્ટ ૨૦૨૩એ ભારતીય ટેલિગ્રાફ એક્ટ ૧૮૮૫ અને ઈન્ડિયન વાયરલેસ ટેલિગ્રાફ એક્ટ ૧૯૩૩નું સ્થાન લીધું છે.



ગયા વર્ષે ડિસેમ્બરમાં આ નવા કાયદાને બંને ગૃહો દ્વારા મંજૂરી આપવામાં આવી હતી અને તે જ મહિનામાં રાષ્ટ્રપતિએ પણ આ કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા. જયારે હવે આ કાયદાનો અમલ થયો છે. ટેલિકોમ એક્ટ ૨૦૨૩માં કાયદાની કલમ ૧, ૨, ૧૦ થી ૩૦, ૪૨ થી ૪૪, ૪૬, ૪૭, ૫૦ થી ૫૮, ૬૧ અને ૬૨ ની જોગવાઈઓ અમલમાં આવશે ત્યારે એક્ટને લગતી ખાસ બાબતો જોઈએ.

એક ઓળખ કાર્ડ પર એક વ્યક્તિ ૯ સિમ કાર્ડ રજીસ્ટર કરાવી શકે છે. તેમજ જમ્મુ-કાશ્મીર અને નોર્થ ઈસ્ટ સ્ટેટના લોકો માત્ર ૬ સિમ રજીસ્ટર કરાવી શકે છે. તેનાથી વધુ સિમ કાર્ડ લેનાર માટે પ્રથમ વખત રૂ. ૫૦ હજારના દંડ અને નીજી વખત આવું થાય તો રૂ. ૨ લાખ દંડની જોગવાઈ છે.

ગુનાખોરી પર અંકુશ લગાવવા તેમજ સિમ કાર્ડ જારી થતા રોકવા માટે પણ આ એક્ટમાં કડક જોગવાઈઓ છે. જેમાં નકલી સિમ કાર્ડ વેચવા, ખરીદવા અને ઉપયોગ કરવા પર ત્રણ વર્ષની જેલ અથવા રૂ. ૫૦ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. નવા કાયદા હેઠળ બાયોમેટ્રિક ડેટા લીધા પછી જ સિમ આપવામાં આવશે.

આ સિવાય ટેલિકોમ કંપનીઓ યુઝરને DND સર્વિસ રજીસ્ટર કરવાનો વિકલ્પ આપે છે. યુઝર્સ હવે વારંવાર આવતા બિનજરૂરી ફોન કોલ્સ વિશે પણ ફરિયાદ કરી શકશે. નિયમોનું ઉલ્લંઘન થશે તો કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત પ્રમોશનલ મેસેજ મોકલવા માટે પણ યુઝર્સની સંમતિ જરૂરી છે. જેના માટે પહેલા સંમતિ લેવાની રહેશે. ટેલિકોમ નેટવર્કનો ડેટા એક્સેસ કરવો, ટેપિંગ કે પરવાનગી વગર કોલ રેકોર્ડ કરવાને ગુનો ગણવા,માં આવે છે. જો કોઈ આવું કરતા પકડાશે તો આ માટે ત્રણ વર્ષની સખત કેદ અને રૂ. ૨ કરોડ સુધીનો દંડ થઈ શકે છે.

સેટેલાઇટ બ્રોડબેન્ડ સેવા માટે સ્પેક્ટ્રમની ફાળવણી હવે હરાજી દ્વારા કરવામાં આવશે નહીં. આ સિવાય વિદેશી કંપનીઓને પણ સ્પેક્ટ્રમ આપવામાં આવશે. આ કાયદો નવી તકનીકોને સરળ બનાવવા માટે નિયમનકારી સેન્ડબોક્સ માટે કાનૂની માળખું પણ પૂરું પાડશે.

## સૌરાષ્ટ્ર–ગુજરાતમાં ચોમાસુ જામ્યુંઃ ૧૬ ડેમોમાં વ્યાપક નવા નીરની આવક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ચોમાસુ બરોબરનું જામી ગયુ છે અને સર્વત્ર છેલ્લા કેટલાક દિવસોથી સારો એવો વરસાદ પડી રહ્યો છે. વરસાદની સાથોસાથ સૌરાષ્ટ્રના રાજકોટ સહિતના જુદા જુદા જીલ્લાના ડેમોમાં પણ નવા નીરની નોંધપાત્ર આવક થઈ રહી છે.




ગઈકાલે જ રાજકોટ ઉપરાંત મોરબી, જામનગર અને સુરેન્દ્રનગર જીલ્લામાં પડેલા સારા વરસાદને પગલે કુલ ૧૬ ડેમોમાં ૦.૫ થી ૧૩ ફુટ જેવા નવા નીરની નોંધપાત્ર આવક થવા પામી છે. રાજકોટ જીલ્લાના ચાર ડેમોમાં મોરબી જીલ્લાના ત્રણ ડેમોમાં જામનગર જીલ્લાના સાત ડેમોમાં અને સુરેન્દ્રનગર જીલ્લાના બે ડેમોમાં નવા પાણીની આવક થવા પામી હતી.

દરમ્યાન રાજકોટ સિંચાઈ વિભાગના ફલડ સેલના જણાવ્યા મુજબ રાજકોટ જીલ્લાના મોજ, ફોફળ, આજી-૧ અને ન્યારી-૨ ડેમમાં નવા પાણીની આવક થવા પામી છે. સૌથી વધુ ફોફળ ડેમમાં ૭.૨૮ ફુટ અને મોજ ડેમમાં પાંચ ફુટ નવુ પાણી છેલ્લા ૨૪ કલાકમાં ઠલવાયુ હતું. આ ઉપરાંત આજી-૧ ડેમમાં ૦.૧૦ ફુટ અને ન્યારી-૨ ડેમમાં ૦। ફુટ નવુ પાણી આવેલ હતું.

## ભાજપના વરિષ્ઠ નેતા એલ.કે. અડવાણીની તબિયત લથડતા એઈમ્સમાં દાખલ કરાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ ઉપ વડાપ્રધાન લાલકળષ્ણ અડવાણીની તબિયત બગડતાં તેમને દિલ્હીના AIIMS હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર તેમને ઉંમર સંબંધિત સમસ્યાઓને કારણે હોસ્પિટલમાં એડમિટ કરાવવામાં આવ્યા છે. તેમને AIIMS ના જિરિયાટ્રિક ડિપાર્ટમેન્ટ (વળધ્ધોની સારવારનો વિભાગ) ડોક્ટરની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.



જોકે ૯૬ વર્ષીય લાલકળષ્ણ અડવાણી ઉંમર સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. એટલા માટે તેમનું સમયાંતરે ઘરે જ ચેકઅપ કરવામાં આવે છે. બુધવારે મોડી સાંજે તેમને થોડી સમસ્યા અનુભવાતા તેમને તાત્કાલિક AIIMS માં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને પોતાની દેખરેખમાં દાખલ કર્યા હતા.


## રાજકોટના પંચાયત ચોક પાસે હેવલોક એપાર્ટમેન્ટની લીફ્ટ નીચે દબાઈ જતા માસુમ બાળકીનું કરૂણ મોત

### નેપાળી પરિવારમાં કરૂણ કલ્પાંતઃ માતા–પિતા ઘરકામ કરવા ગયા બાદ ઘટના સર્જાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલ પંચાયત ચોક પાસે હેવલોક એપાર્ટમેન્ટની લીપ નીચે માસુમ બાળકી નું દબાય જવાથી મોત નીપજતા અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શહેરના યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોક પાસે આવેલ હેવલોક એપાર્ટમેન્ટમાં ચોકીદારી કરતા અને એપાર્ટમેન્ટની ઓરડીમાં રહેતા વિક્રમભાઈ નેપાળી અને તેની પત્ની આજે સવારે અન્ય જગ્યાએ ઘરકામ કરવા ઘરેથી નિકળ્યા બાદ તેની ત્રણ વર્ષ માસુમ પુત્રી મેરીના વિક્રમભાઈ નેપાળી એપાર્ટમેન્ટની લીપ પાસે રમતા રમતા અચાનક લીપ નીચે પડી જતા અને લીપ ઉપર નીચે થતી હોય જેના કારણે તે દબાય જતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવ અંગેની જાણ ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.



## આગામી તા.૪ અને ૫ના સારંગપુરમાં મળશે પ્રદેશ ભાજપની કારોબારી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારીની બેઠક પ્રથમ વખત ગાંધીનગર બહાર બોટાદ જિલ્લાના સાળંગપુર ધામ ખાતે મળશે. લોકસભા ચૂંટણીના પરિણામ બાદ કારોબારીની બેઠક તા.૪ જુલાઇ બપોરે ૩ વાગ્યાથી ૫ જુલાઇ શુક્રવારે સાંજે ૫ વાગ્યા સુધી અક્ષર પુરૂષોતમ સ્વામીનારાયણ મંદિરમાં રાખવામાં આવી છે. જેમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયેલની પણ વિશેષ ઉપસ્થિતિ રહેવાની છે.



પ્રદેશ પ્રમુખ હવે કેન્દ્ર સરકારમાં મંત્રી બન્યા છે. આથી ગુજરાતમાં નવા પ્રમુખ બનશે તે નકકી થયું છે. આમ છતાં હાલ છ મહિના માટે પ્રદેશમાં કાર્યકારી પ્રમુખ મૂકવાનો એક વિચાર પણ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો હોય, ભુપેન્દ્રભાઇ પટેલ મંત્રીમંડળમાં ફેરફાર અને નવા સભ્યોને સ્થાન અંગે પણ આ બેઠકમાં ચર્ચા થાય તેવી પૂરી શકયતા છે.

કારોબારીની બેઠકમાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ, ગુજરાત ભાજપના સંગઠન પ્રભારી સુધીર ગુપ્તા, પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટિલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના કારોબારી સભ્યો ઉપસ્થિત રહેશે. સી. આર. પાટીલના નેતૃત્વમાં વિધાનસભામાં ભાજપને ૧૮૨ બેઠકોમાંથી ૧૬૧ બેઠક મળી છે. ગુજરાત લોકસભાની ૨૬માંથી ૨૫ બેઠક ભાજપને મળી હતી. દક્ષિણ ગુજરાતની નવસારી બેઠક પરથી સી.આર.પાટીલે ચોથી વખત વિજય મેળવી સંસદ સભ્ય પદ મેળવ્યું હતું. તેમણે ૭ લાખ ૭૩ હજાર મતોથી જીત મેળવી હતી.

નોંધનીય છે કે, ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલને કેન્દ્રીય મંત્રિમંડળમાં સામેલ કરાયા બાદ રાજ્યના સંગઠનમાં મહત્વપૂર્ણ પરિવર્તનોની પ્રક્રિયા આરંભાઈ છે. સાથે સાથે, રાજ્ય મંત્રિમંડળના વિસ્તરણ અંગેની અટકળો પણ વેગ પકડી રહી છે.

## વાયુસેનાની તાકાતમાં થશે વધારો, તેજસ અને રાફેલ ફાઈટર જેટની સાથે જોડવામાં આવશે રુદ્રમ–૧ મિસાઈલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય વાયુસેના પોતાના ફાઈટર જેટ્સ રાફેલ અને તેજસ એમકે-૧એમાં રુદ્રમ-૧ મિસાઈલ જોડવાની યોજના બનાવી રહ્યું છે. રુદ્રમ-૧ નવી જનરેશન એન્ટી-રેડિએશન મિસાઈલ છે, જેને હવામાંથી જમીન પર પ્રહાર કરવા માટે બનાવવામાં આવી છે.

આ મિસાઈલ જોડાવાથી ભારતીય વાયુસેનાની તાકાત અનેક ઘણી વધી જશે. કારણ કે, રુદ્રમ મિસાઈલ સુપરસોનિક પણ છે અને હાઈપરસોનિક પણ છે. જો રુદ્રમ-૧ મિસાઈલની વાત કરીએ તો ૬૦૦ કિલોગ્રામ વજન વાળી આ મિસાઈલની લંબાઈ ૧૮ ફૂટ છે. તેમાં ૫૫ કિલોગ્રામ વજનની પ્રી-ફ્રેગમેન્ટેડ વોરહેડ લગાવવામાં આવે છે.

રુદ્રમ-૧ મિસાઈલની રેન્જ ૧૫૦ કિલોમીટર છે. એનો અર્થ એ કે રાફેલ અથવા તેજસ ફાઈટર જેટ આટલા દૂરથી જ દુશ્મન પર હવાઈ હુમલો કરી શકે છે.



તેમને દુશ્મનના ટાર્ગેટની નજીક જવાની જરૂર નહીં પડશે. આ મિસાઈલ લોન્ચિંગ પોઈન્ટથી વધુ ઉપર જઈ શકે છે. એટલે કે તે એક કિલોમીટરથી લઈને ૧૫ કિલોમીટરની ઊંચાઈ સુધી જાય છે.

રુદ્રમ-૧ મિસાઈલ મેક-૨ એટલે કે, ૨૪૭૦ સળ/વની રફતારથી આગળ વધે છે. હાલમાં તેને રાફેલ અને તેજસમાં લગાવવાનો પ્લાન છે. પરંતુ બાદમાં વાયુસેના તેને તેજસ એમકે-૨, એએમસીએ અને ટેડબીએફ ફાઈટર જેટ્સમાં પણ લગાવવાનો પ્લાન છે. હાલમાં આ મિસાઈલ MiG-29UPG, ડેસો મિરાજ ૨૦૦૦ અને Su-30MKIમાં લાગી છે.

તેજસ MK-1A ફાઈટર જેટમાં ડિજિટલ ફ્લાય બાય વાયર ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટરને લગાવવામાં આવ્યું છે. DFCCનો સરળ ભાષામાં અર્થ થાય છે કે, ફાઈટર જેટમાંથી મેન્યુઅલ ફ્લાઈટ કંટ્રોલ હટાવીને ઈલેક્ટ્રોનિક ઈન્ટરફેસ ઈન્સ્ટોલ કરવું. એટલે કે કોમ્પ્યુટર વિમાનને ઉડાવતી વખતે પાઈલટના હિસાબે સંતુલિત રાખે છે. આ સિસ્ટમથી રડાર, એલિરોન, એલિરોન, ફ્લેપ્સ અને એન્જિનનું નિયંત્રણ ઈલેક્ટ્રોનિક રીતે થાય છે. ફ્લાય બાય વાયર ફાઈટર જેટને સ્થિર કરે છે. આ વિમાનને સુરક્ષિત બનાવે છે.

વિમાનનું અપગ્રેડેડ વર્ઝન તેજસ ખસ-૧અમાં એડવાન્સ્ડ મિશન કોમ્પ્યુટર, હાઈ પરફોર્મન્સ કેપેબિલિટી ડિજિટલ ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર, સ્માર્ટ મલ્ટી-ફંકશન ડિસ્પ્લે, એડવાન્સ ઈલેક્ટ્રોનિકલી સ્કેન કરેલ એરે રડાર, એડવાન્સ્ડ સેલ્ફ-પ્રોટેકશન જેમર, ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટ વગેરે સુવિધાઓ છે.જો કે આમ તો આ ફાઈટર જેટ તેજસ MK-1 જેવું જ છે પરંતુ તેમાં કેટલીક વસ્તુઓ બદલવામાં આવી છે. જેમ કે તેમાં અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટ, ઉત્તમ અઊજ્અ રડાર, સેલ્ફ-પ્રોટેક્શન જેમર, રડાર વોર્નિંગ રીસીવર લગાવવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમાં બહારથી ECM પોડ પણ લગાવી શકાય છે.

માર્ક-૧અ છેલ્લા વેરિએન્ટથી થોડું હળવું છે. પરંતુ તેનો આકાર એટલો જ છે. એટલે કે, ૪૩.૪ ફૂટની લંબાઈ છે. ૧૪.૫ ફૂટની ઊંચાઈ છે. મહત્તમ ૨૨૦૦ સળ/વની સ્પીડથી ઉડાન ભરી શકે છે. કોમ્બેટ રેન્જ ૭૩૯ કિલોમીટર છે. જોકે, તેનો ફેરી રેન્જ ૩૦૦૦ કિલોમીટર છે.

આ વિમાન મહત્તમ ૫૦ હજાર ફૂટની ઊંચાઈ જઈ શકે છે. તેમાં કુલ ૯ હાર્ડપોઈન્ટ્સ છે. આ ઉપરાંત ૨૩ મિલિમીટરની ટ્વિન-બેરલ કેનન લાગી છે. હાર્ડ પોઈન્ટ્સમાં ૯ અલગ-અલગ રોકેટ્સ, મિસાઈલ લગાવી શકાય છે. અથવા તેનું મિશ્રણ કરી શકીએ છીએ.

રાફેલ અને યુરોફાઈટરનો વિકાસ એક ફાઈટર જેટની જેમ જ થયો હતો. પરંતુ બાદમાં ફ્રાન્સે રાફેલને પ્રોજેક્ટથી અલગ કરી દીધું હતું. ભારતીય વાયુસેનામાં ૩૬ રાફેલ ફાઈટર જેટ છે. તેને એક કે બે પાઈલોટ દ્વારા ઉડાડવામાં આવે છે. તે ૫૦.૧ ફૂટ લાંબુ, વિંગસ્પેન ૩૫.૯ ફૂટ અને ઊંચાઈ ૧૭.૬ ફૂટ છે.

## હવે ઈડીથી લઈ સીબીઆઈનો દુરુપયોગ બંધ થઈ જશે? અનેક મહત્ત્વની નિમણૂકોમાં રહેશે રાહુલ ગાંધીની પણ ભૂમિકા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૧૮મી લોકસભાના પરિણામ કોંગ્રેસ માટે ઘણીબધી રીતે લાભદાયી નીવડ્યા છે. એમાંનો એક લાભ તે લોકસભામાં વિપક્ષના નેતાનું પદ, જે છેલ્લી બે લોકસભામાં કોંગ્રેસને નહોતું મળ્યું. વર્ષ ૨૦૧૪માં સત્તા પરથી હટ્યા બાદ આ વખતે કોંગ્રેસને લોકસભામાં વિપક્ષના નેતાનું મહત્ત્વપૂર્ણ પદ મળ્યું છે. રાહુલ ગાંધીની ઝોળીમાં આવેલું આ બંધારણીય પદ વિશેષ દરજ્જો અને સત્તા ધરાવે છે.



વિપક્ષ ગઠબંધનની જે પાર્ટીએ લોકસભાની કુલ બેઠકની ઓછામાં ઓછી દસ ટકા સીટ જીતી હોય એ પાર્ટીના નેતાને 'લોકસભામાં વિપક્ષના નેતા'નું બંધારણીય પદ (LOP સ્ટેટસ) મળતું હોય છે. ૧૬મી અને ૧૭મી લોકસભામાં વિરોધ પક્ષનો કોઈ નેતા નહોતો કારણ કે કોંગ્રેસ કે વિપક્ષની અન્ય કોઈ પાર્ટી પાસે LOP સ્ટેટસ મેળવવા માટે જરૂરી ૫૬ બેઠકો નહોતી. આ વખતે ઇન્ડિયા બ્લોક પૈકીની કોંગ્રેસ પાર્ટી પાસે લોકસભામાં ૯૯ બેઠકો છે, માટે આ પદ કોંગ્રેસના લીડર રાહુલ ગાંધીને ફાળે જાય છે.

LOPનો દરજ્જો અને ભથ્થાં કેબિનેટ મંત્રીના સમાન હોય છે. આ બહુ મોટી જવાબદારી છે, અને એના ઘણાં ફાયદા છે. આ પદને કારણે સરકારની તમામ મહત્ત્વની ચયન-સમિતિઓમાં રાહુલ ગાંધીને સ્થાન મળશે, ટોચની સરકારી એજન્સીઓની ચાવીરૂપ હોદ્દા પર નિમણૂકમાં તેમની મંજૂરી મહત્ત્વની રહેશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન, સેન્ટ્રલ વિજિલન્સ કમિશન અને સેન્ટ્રલ ઇન્ફોર્મેશન કમિશન જેવી કેન્દ્રીય એજન્સીઓના વડાઓની નિમણૂક એક પેનલ દ્વારા કરવામાં આવતી હોય છે, જેમાં વડાપ્રધાન અને વિપક્ષના નેતાનો સમાવેશ થતો હોય છે. આ પેનલનો ભાગ બનીને હવે આ તમામ નિમણૂકોમાં રાહુલ ગાંધી ચાવીરૂપ ભાગ ભજવશે. ચૂંટણી કમિશનર, નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનના ચેરમેન જેવા પદોની પસંદગીમાં પણ એમનો મત જરૂરી બનશે. તેઓ ગઇછ્ઈ અને લોકપાલ જેવી વૈધાનિક સંસ્થાઓના વડાઓની નિમણૂક માટે જવાબદાર વિવિધ પસંદગી સમિતિઓના સભ્ય બનવા માટે પણ હકદાર છે. 'શેડો વડાપ્રધાન' શબ્દ આપણા માટે અજાણ્યો છે. બ્રિટિશ સંસદમાં વિપક્ષના નેતાને 'શેડો પ્રાઇમ મિનિસ્ટર' કહેવામાં આવે છે, કારણ કે કોઈપણ કારણસર જો સરકાર રાજીનામું આપે અથવા ગૃહમાં પરાજય પામે, તો વિરોધ પક્ષના નેતાને દેશનો વહીવટ સંભાળવાનો હક મળતો હોય છે.

## દેશની ટેલિકોમ કંપનીઓ સરકારને રૂ. ૧૧ હજાર કરોડની ચૂકવણી કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની અગ્રણી ટેલિકોમ કંપનીઓએ ૫જી સ્પેક્ટ્રમની હરાજીમાં રૂ. ૧૧ હજાર કરોડની બીડ મૂકી છે. ૨૫ જૂને શરૂ થયેલી આ હરાજીના છ રાઉન્ડ યોજાયા હતા. કેન્દ્ર સરકાર રૂ. ૯૬,૩૧૭.૬૫ કરોડના એરવેવનું વેચાણ કરી રહી છે.

રિલાયન્સ જિઓ, ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયાએ સબ-GHz બેન્ડ, ૯૦૦ ખઇું અને પસંદગીના મીડ બેન્ડ્સ, ૧૮૦૦ ખઇું તથા ૨૧૦૦ ખઇું માટે બીડ ભર્યા છે. જે અંતર્ગત ૧૦ દિવસની અંદર કેન્દ્ર સરકારને ૧૧ હજાર કરોડની ચૂકવણી કરવી પડશે.





૫જી સ્પેક્ટ્રમની હરાજીના પ્રથમ દિવસે ટેલિકોમ કંપનીઓએ ૯૦૦ ખઇું બેન્ડમાં રૂ. ૭૦૦૪ કરોડનું ૬૦.૪ MHz સ્પેક્ટ્રમ ખરીદ્યુ હતું. જ્યારે ૧૮૦૦ MHzમાં ૫૦.૬ MHz માટે રૂ. ૩૬૧૪ કરોડ ૨૧૦૦ ખઇુંમાં ૨૦ MHz માટે રૂ. ૫૪૬ કરોડના બીડ ભર્યા હતા. આ બીડ ૨૦ વર્ષ સુધી માન્ય રહેશે. જેમાં ટેલિકોમ કંપનીઓ ૧૦ વર્ષ બાદ સ્પેક્ટ્રમ સરેન્ડર, લીઝ પર, ટ્રેડ, અન્ય સાથે શેર કરી શકશે.

મોટાભાગની ટેલિકોમ કંપનીઓ સ્પેક્ટ્રમ હરાજીની સંપૂર્ણ રકમ એકસામટી ચુકવવાનો આગ્રહ રાખશે. જો ટુકડે-ટુકડે રકમ ચૂકવવાનું નક્કી કરશો તો આ હરાજીની બાકી રકમ પર ૮.૬૫ ટકા વ્યાજ લાગૂ થશે. જે ૨૦૨૨ની હરાજીમાં ૭.૨ ટકા વ્યાજ કરતાં વધુ છે. બાકી ચૂકવણી માટે ૨૦ વર્ષના હપ્તાઓ અથવા મોરેટોરિયમનો વિકલ્પ મળશે. પ્રથમ હપ્તો હરાજીના ૧૦ દિવસ બાદ ચૂકવવાનો રહેશે. જ્યારે પ્રિ-પેમેન્ટ પર કોઈ પેનલ્ટી કે વ્યાજ લાગૂ થશે નહીં.

# વાંકાનેરમાં વર્ષ ૨૦૦૪માં થયેલ જીવલેણ હુમલાના કેસમાં એક આરોપીને ૧૦ વર્ષની કેદ,અન્ય સાત આરોપી નિર્દોષ જાહેર




**મુખ્ય સમાચાર, જામનગર**

વાંકાનેર તાલુકાના કોઠી ગામે વર્ષ ૨૦૦૪માં છેડતીના બનાવ બાદ બે પરિવારના સભ્યો દ્વારા સામસામે મારામારી કરી એકબીજા ઉપર જીવલેણ હુમલો કરવાનો પ્રથમ કેસમાં છેડતી બાદ જીવલેણ હુમલાના સાતેય આરોપીને ૧૦ વર્ષની કેદની સજા થઈ હતી ત્યારે સામાપક્ષે કરેલ જીવલેણ હુમલાની ફરિયાદનો કેસ પણ મોરબી કોર્ટમાં ચાલી જતા કોર્ટે એક આરોપીને ૧૦વર્ષની કેદ અને રૂપિયા ૯ હજારનો દંડ ફટકારી ભોગ બનનારને રૂપિયા ૨ લાખ વળતર ચૂકવવા આદેશ કર્યો હતો. ત્યારે આ કેસમાં અન્ય સાત આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કર્યા હતા.

વાંકાનેર તાલુકાના કોઠી ગામે વર્ષ ૨૦૦૪ માં કોઠી ગામે રહેતા નાગજીભાઈ દેવાભાઇ દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે આઠ આરોપીઓએ નાગજીભાઈ તથા તેના પરિવારના સભ્યો ઉપર કુંડલીવાળી લાકડીઓ તથા ધારિયા વડે ગેરકાયદેસર મંડળી રચી આરોપી સતા લાખા મુંધવા, મેઘા નોંઘા મુંધવા, ખેતા ખેંગાર મુંધવા, રાઘવ ખેંગાર મુંધવા, સતા ખેંગાર મુંધવા, ગોવિંદ સામત મુંધવા, બેચર ખેંગાર મુંધવા અને ગેલા લાખા મુંધવા સહિતનાઓએ હુમલો કર્યો હતો અને આરોપી સતા લાખા મુંધવાએ કુંડલી વાળી લાકડી અને ધારિયા વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી જે બાબતની ફરિયાદના આધારે પોલીસે આઠેય આરોપીઓની અટક કરી તમામ સામે હત્યાની કોશિશનો ગુનો નોંધી નામદાર કોર્ટ હવાલે કર્યા હતા.

ઉપરોક્ત કેસ હાલ મોરબી સેશન્સ કોર્ટમાં ચાલી જતા ૧૯ મૌખિક પુરાવા તથા ૩૧ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઇ તેમજ સરકારી વકીલ વિજયભાઈ જાની અને મદદનીશ સરકારી વકીલ નીરજભાઈ કારીયાની કાયદાકીય દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી સતા લાખા મુંધવાને ૧૦ વર્ષની કેદ તેમજ ૯ હજારનો દંડ ફટકાર્યો હતો. તેમજ અન્ય સાત આરોપીઓને આ કેસમાં શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કર્યા હતા. ઉપરાંત આ કેસના ફરીયાદી અને ઇજાગ્રસ્ત એવા નાગજીભાઈએ વળતર રૂપે રૂ.૨ લાખ તેમજ આરોપીની દંડની રકમ પણ એમ કુલ મળી ૨.૦૯ લાખ ચૂકવવા આદેશ જારી કરાયો હતો.

# જામનગર કાલાવડ તાલુકામાં ભારે વરસાદ છત્તર ગામે બે કાંઠે થયેલ નદીમાં મોટરસાયકલ સાથે પ્રૌઢ તણાયા

## હિંમતવાન યુવાનોએ પ્રૌઢને બચાવી લીધાઃ જામનગર કાલાવડમાં ૨ ઇંચ, લાલપુરમાં ૧ અને જામજોધપુરમાં પોણો ઇંચ વરસાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

પરિવાર સાથે વોંકળા પર પસાર થતા ગાડુ તણાયુંથ તુ, ત્રણ મહિલા સહિત પાંચનો બચાવ બમથીયા સીમમાંવિજત્રાટકથી યુવકનોમોત, 30 પશુનો ભોગ મેઘરાજાએ કાલાવડ પંથકમાં મુકામ કર્યો હતો જેમાં બે કલાકમાં જ ધોધમાર પોણા બે ઇંચ પાણી વરસી ગયુ હતુ.જયારે જામજોધપુરમાં પોણો ઇંચ વરસાદ સાંજ સુધીમાં વરસ્યો હતો.ડેરી ગામે વોંકળામાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતા ગાડુ તણાતા દોઢ વર્ષીય બાળક લાપતા બન્યા બાદ તેનો મૃતદેહ મળી આવ્યો હતો.જયારે ગાડામાં સવાર ત્રણ મહિલા સહિત પાંચનો બચાવ થયો હતો.બમથીયા ગામે વિજળી પડતા એક માલધારી યુવકનો ભોગ લેવાયો હતો.કાલાવડમાં ચાર વાગ્યાના સુમારે મંડાયેલા મેઘરાજા ફરી મુશળધાર વરસતા બે કલાકમાં પોણા બે ઇંચ પાણી વરસ્યુ હતુ જયારે ગ્રામ્ય પંથકમાં ધીંગા વરસાદના વાવડ મળ્યા છે. કાલાવડના ડેરી ગામે પરીવાર બળદગાડુ લઇ પસાર થઇ રહયો હતો જે વેળાએ ગાડામાં ત્રણ મહિલા,એક બાળક અને બે પુરૂષ સહિત છ લોકો સવાર હતા.વોંકળા પાસે પસાર થતુ ગાડુ સંભવત પાણીનો પ્રવાહ વધી જતા





તણાઇ ગયુ હતુ જેમા એક દોઢ વર્ષીય બાળક અને બળદ પાણીમાં ગરકાવ થઇ ગયા હતા જે બનાવના પગલે કાલાવડ નગરપાલિકાની ફાયર ટીમ દ્વારા લાપતા બાળકની શોધખોળ હાથ ધરાતા તેનો મૃતદેહ મળી આવ્યો હતો.મૃતક બાળકનુ નામ રવિ રિતેશભાઇ ડાવર હોવાનુ જાણવા મળ્યુ છે.શ્રમિક પરીવાર મધ્યપ્રદેશનો વતની હોવાનુ અને ખેત મજુરીકામ કરતુ હોવાનુ ખુલ્યુ છે.બળદ ગાડામાં સવાર ત્રણ મહિલા સહિત પાંચનો બચાવ થયો હતો.જયારે એક બળદે પણ જીવ ગુમાવ્યો હતો.જે દરમિયાન જામજોધપુરના બમથીયા ગામે આકાશી વિજળી પડતા એક પચીસ વર્ષીય માલધારી યુવાનનો ભોગ લેવાયાનો બનાવ સામે આવ્યો છે.જે ઘેટા-બકરા ચરાવવા માટે સીમમાં ગયો હતો.આ આકાશી વિજળીથી 30 જેટલા પશુએ જીવ ગુમાવ્યાનો બનાવ બહાર આવ્યો છે. કાલાવડ તાલુકાના છતર ગામે બેઠા પુલ પરથી પસાર થતા પાણીના જોરદાર વહેણમાં બાઇકસવાર વૃધ્ધ તણાવા લાગ્યા હતા.જોકે,આ વેળા તુરંત જ સ્થાનિક સેવાભાવી યુવાનો મદદ ધસી આવ્યા હતા અને વૃદ્ધને પાણીના પ્રચંડ પ્રવાહમાં તણાતા હેમખેમ બચાવી લીધા હતા

# જામજોધપુર તાલુકામાં મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, વિજય બગડા**

જામનગર જિલ્લામાં જામજોધપુર સમગ્ર રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. અનેક ભૂલકાઓ આજના દિવસે શિક્ષણ તરફ તેમની પ્રથમ પા પા પગલી માંડવા જઈ રહ્યા છે. ત્યારે જામનગર જિલ્લામાં પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ- ૨૦૨૪ અંતર્ગત કાર્યક્રમો યોજાયા હતા.જામજોધપુર તાલુકામાં આવેલ ઝીણાવારી પ્રાથમિક શાળા, કરસનપર પ્રાથમિક શાળા, મોટી ગોપ પ્રાથમિક શાળા અને મોટી ગોપ માધ્યમિક શાળા ખાતે કેબિનેટ મંત્રી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં બાળકોને આંગણવાડી, બાળ વાટિકા, પહેલા ધોરણમાં અને નવમા ધોરણમાં પ્રવેશ અપાવવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરતી વેળાએ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે,






તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની શુભ શરૂઆત કરવામાં આવી હતી. વર્તમાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હૈયે એક એક બાળકના ભવિષ્યની શુભકામના વસેલી છે. જામનગર જિલ્લામાં આવેલી તમામ શાળાઓ એ પ્લસ કેટેગરીમાં સ્થાન મેળવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત પ્રયાસો ચાલુ છે. આપણી આવતીકાલ સુધારવા માટે આજનો આ શિક્ષણ મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.તેમણે આગળ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીના માર્ગદર્શન તળે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કલોરશીપ યોજના, જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ અને આવી અનેકવિધ યોજનાઓ ગુજરાતના બાળકો માટે અમલમાં મુકવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક વૃક્ષ માં કે નામ ની સર્વે ભારતવાસીઓને અપીલ કરી છે. તેથી જામનગર જિલ્લાની તમામ સરકારી શાળાઓના આંગણામાં બાળકો, શિક્ષક ગણ અને ગામના આગેવાનો સર્વે સાથે મળીને ૫ વૃક્ષનું વાવેતર કરે તે વર્તમાન સમયની આવશ્યકતા છે.''

ત્રણેય શાળાઓમાં મળીને કુલ ૨૨૦ બાળકો જેમાં બાળ વાટિકામાં ૫૪ બાળકો, આંગણવાડીમાં ૮૨ બાળકો, પહેલા ધોરણમાં ૬૨ બાળકો અને નવમા ધોરણમાં ૨૨ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. આ સાથે બાળકોને શૈક્ષણિક કીટ, સાહિત્ય વિતરણ, તેજસ્વી બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે ઈનામ વિતરણ અને સ્કૂલ બેગ અર્પણ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે જામજોધપુર એ.પી.એમ.સી. ના સહયોગથી કાર્યક્રમમાં લાભાર્થી તમામ બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી.મંચસ્થ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. મહેમાનોને પુસ્તક અર્પણ કરીને તેમનું ભાવભીનું સ્વાગત કરાયું હતું. નાના ભુલકાઓએ બાળગીતો પર સુંદર પ્રસ્તુતિ રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વેએ શિક્ષણ પ્રતિજ્ઞા ગ્રહણ કરી હતી. મહાનુભાવોના હસ્તે શાળાના પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.ઉક્ત કાર્યક્રમમાં વાસમો યુનિટ મેનેજર ભાવિકાબા જાડેજા, જામજોધપુર મામલતદાર વાઘેલા, જામનગર રેન્જ ફોરેસ્ટ ઓફિસર મરીન નેશનલ પાર્ક પ્રતિક જોશી, જામજોધપુર તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, અન્ય પદાધિકારીગણ, શાળાના આચાર્યઓ, શાળાના શિક્ષક ગણ, ભૂલકાઓ, આંગણવાડીના કર્મચારીગણ, જામજોધપુર એ.પી.એમ.સી. ના હોદ્દેદારો, આજુબાજુના ગામમાંથી પધારેલા આગેવાનઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# જામનગરના પોલીસ તંત્ર દ્વારા તેરા તુજકો અર્પણના પ્રોજેક્ટ હેઠળ એક આસામીને રૂ. ૬ લાખનો મુદ્દા માલ પરત અપાવ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા ના પોલીસ તંત્ર દ્વારા શહેરના ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટેના લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, સાથો સાથ 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ અંતર્ગત જે કોઈ આસામી જે જેની મિલકત અથવા મુદ્દા માલ પોલીસ તંત્ર પાસે જમા પડેલો હોય, તેને પરત અપાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જે પૈકી ૨૦૧૨ ની સાલથી એક આસામીનો રૂપિયા ૬ લાખનો મુદ્દા માલ પોલીસ દ્વારા કબ્જે કરાયો હતો, જે ચોરીનો મુદ્દામલ અદાલત મારફતે પરત અપાવવા માટેની કાર્યવાહી કરી હતી, અને ગઈકાલે એક આસામી મુદ્દામાલ અદાલતની કાર્યવાહીના અંતે 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ હેઠળ પોલીસે પરત અપાવ્યો છે.જામનગરના કોઈ નાગરિકો કે જેઓ વ્યાજખોરોની ચુંગાલમાં ફસાઈ ગયા હોય, તેમ જ ઓનલાઇન એપ્લિકેશન મારફતે લોન મેળવવાના બહાને કોઈ ચિટર ટોળકીના શિકાર બન્યા હોય, તે પ્રકારની ફરિયાદ કરવા માટેનું લોન મેળાના સ્થળ પર એક વિશેષ ટેબલ રાખવામાં આવ્યું હતું. અને જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા નાગરિકોને અપીલ કરાઈ હતી, અને આવા ભોગ બનનાર વ્યક્તિએ સ્થળ પર જ પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ આપવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેની પણ પોલીસ તંત્રને અનેક ફરિયાદો મળી છે. તે ફરિયાદનો ઉકેલ લાવવા માટે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# મોરબીમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ દિનની ઉજવણી અભિયાન અંતર્ગત નશામુકિત માટે લોક-જાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું

## મોરબી જીલ્લા પોલીસ દ્વારા નશામુક્ત જીલ્લો,નશામુકત દેશ અંગે જન જન સુધી જાગૃતિ ફેલાવવા બે સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા




**મુખ્ય સમાચાર, મોરબી**

૨૬ જુન આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ દિન ની ઉજવણીના ભાગ રૂપે મોરબી જીલ્લામાં આવેલ વિવિધ સ્કુલો, કોલેજો તથા જાહેર સ્થળોએ હોડીગ્સ, બેનરો તેમજ સાહિત્ય કલાકારો દ્વારા સોશ્યલ મીડિયાનો ભરપુર ઉપયોગ કરી મોરબી જીલ્લાને નશામુક્ત બનાવવા જાહેર જનતામાં જાગૃતિ ફેલાવવા મોરબી જીલ્લા પોલીસ દ્વારા સરાહનીય વિવિધ કાર્યક્રમોનું સતત બે સપ્તાહ સુધી એક અભિયાનના ભાગરૂપે આયોજન હાથ ધરાયું હતું.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી તથા નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલા મોરબી ડીવીઝન તથા એસ.એચ.સારડા વાંકાનેર ડીવીઝન દ્વારા તા.૨૬ જૂન ૨૦૨૪ના રોજ નશાકારક વસ્તુનો દુરુપયોગ તેમજ તેની ગેરકાયદે હેરાફેરી અટકાવવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણીના ભાગરૂપે મોરબી જીલ્લાના તમામ પોલીસ મથકના અધિકારીઓ સાથે ચર્ચા-વિમર્શ કરી અને માર્ગદર્શન પાઠવવામાં આવેલ કે, તા.૧૨ જૂન ૨૦૨૪ થી તા.૨૬ જૂન ૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન મોરબી જીલ્લામાં વસતા લોકોમાં સુખાકારી વધે તેમજ લોકોની સુખ, શાંતી અને સલામતીમાં વધારો થાય તે હેતુથી તથા લોકો ડ્રગ્સ તેમજ નશીલા પદાર્થોના ચુંગાલમાંથી મુક્ત બને અને સ્વસ્થ રહે અને નશીલા પદાર્થોથી જાગૃત બને અને આવી પ્રવૃતિ અંગે માહિતી મળે તો તેઓની માહીતી ગુપ્તતા જળવાય રીતે જાણ કરે તે હેતુથી સુચનાઓ આપવામાં આવેલ હતી.

આ ઉપરાંત મોરબી જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા મોરબી જીલ્લાના લોકોને વ્યસન મુક્ત બનાવવા ૨૬ જુનના જાહેર થયેલ "International Day Against Drug Abuse and illicit Trafficking" ને સાકાર કરવા માટે પ્રયત્નો હાથ ધરી અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન જીલ્લામાં આવેલ અલગ-અલગ કુલ-૧૪ શાળા/કોલેજોમાં કાર્યક્રમો યોજી આશરે-૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓમાં આ અંગે જાગૃતી ફેલાવવામાં આવી હતી. મોરબી જીલ્લાના હોટ સ્પોટ વાંકાનેર વિસ્તારમાં નાયબ પોલીસ અધિક્ષક વાંકાનેર ડીવીઝનનાઓએ ઓડીયો મારફતે આમ જનતાને સંદેશો પાઠવેલ તેમજ થાણા અધિકારી મારફતે હસનપર, ચંદ્રપુર ગામ, કુંભારપરા વિગેરે વિસ્તારમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ સમગ્ર અભિયાન દરમિયાન વિવિધ જાહેર સ્થળો જેવા કે, બાગ બગીચા, રેલ્વેસ્ટેશન/બસસ્ટેશન એમ જ્યા જાહેર જનતાની અવર-જવર વધારે હોય તેવા કુલ-૧૧ સ્થળોએ સંવાદ તેમજ સભાઓ યોજી, બેનરો અને હોર્ડીંગ્સ લગાવી આશરે ૩૦૦૦ થી ૪૦૦૦ જેટલા લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. તેમજ શ્રમીકવર્ગ જેવા કે, કારખાનામાં કામ કરતા મજુરવર્ગનો સંપર્ક કરી તેઓને આ દુષણથી દુર રહેવા સમજ કરી જાગ્રુતી ફેલાવવામાં આવેલ.

આ અભિયાનને વધુ કારગર તેમજ અસરકારક બનાવવા લોકપ્રિય સાહીત્ય કલાકારો માયાભાઇ આહીર સહિતના સાથે સંવાદ કરી તેઓ મારફતે સોસીયલ મીડીયા દ્વારા મોરબી જીલ્લામાં નાગરીકોમાં નશામુકિત અંગે જાગૃતી ફેલાય તેવા ભરપુર પ્રયાસો કરવામાં આવેલ. આ ઝુંબેશ દરમિયાન આવા માદક પદાર્થોના દુષણથી દુર રહેવા બાબતે રાજ્ય સરકારના વિવિધ કર્મચારીઓ તેમજ શાળા કોલેજોમાં આ અંગે સપથ લેવડાવવામાં આવ્યા હતા. તેમજ આવી કોઇ ગેર કાયદેસર પ્રવૃત્તિઓ કરતા ઇસમો સમાજની અંદર દેખાઇ આવે તો તરત જ ટોલ ફ્રી નંબર-૧૯૦૮ તથા મોરબી જીલ્લા કંટ્રોલ નં-૦૨૮૨૨ ૨૪૩૪૭૮ તથા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા સમજ કરવામાં આવી હતી.

## મનપાની એસ્ટેટ સમિતીના કર્મચારી રાજ ધામેલીયાનો જન્મદિવસ



રાજકોટ મહાનગર પાલિકાની એસ્ટેટ સમિતીના વર્ગ-૪ના કર્મચારી રાજ ધામેલીયાનો આજે જન્મદિવસ છે. અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા રાજ ધામેલિયાને આજે તેના જન્મદિવસે નિમિતે પરિવારના સભ્યો, જિલ્લા ભાજપ મહિલા મોરચાના મંત્રી માધવીબેન પરસાણા તેમજ શુભેચ્છકો અને મિત્ર તરફથી મો.૮૩૨૦૦૦૫૬૯૬ ૫૨ શુભેચ્છા મળી રહી છે.

# મોરબીના ટીંબડી ગામ નજીક ઝડપાયેલ નીમકોટેડ યુરિયા ખાતરનો જથ્થો ઔદ્યોગિક હેતુ માટે લઈ જવાતો હોવાનો ખુલાસોઃચાર ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ટીંબડી ગામના પાટીયા પાસે શંકાસ્પદ આઇસર નીકળતા તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી બિલ કે આધાર પુરાવા વગરની નીમ કોટેડ યુરિયા ખાતરની ૩૫૦ બોરીઓ વજન ૧૬ ટન મળી આવી હતી. આ સાથે આઇસર ચાલકને ઝડપી લેવામાં આવ્યો હતો. પકડાયેલ આઇસર ચાલકની પૂછતાછમાં અન્ય આઇસરમાં પંચર પડતા આ આઇસરમાં આ નીમકોટેડ યુરિયા ખાતરનો માલ ટ્રાન્સફર કરેલ હોવાનું તેમજ માલ ભરી આપનાર અને માલ મંગાવનાર શખ્સોના નામ ખુલવા પામ્યા હતા. હાલ પોલીસે ચાર શખ્સો સામે રાસાયણિક ખાતર નિયંત્રણ કલમ તથા જરૂરી આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની તેમજ ભારતીય ફોજદારી ધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસે ગત તા.૧૦ જુનના રોજ ટીંબડી ગામ નજીક બસ સ્ટેન્ડ પાછળથી આઇસર રજી. જીજે ૩૬ વી ૬૯૮૪ નીકળતા તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી યુરિયા ખાતર મળી આવ્યું હતું, જે રાસાયણિક ખાતર બાબતે બિલ કે કોઈ આધાર પુરાવા આઇસર ચાલક પાસે ન હોવાનું સામે આવતા તુરંત આઇસરને સાઈડ માં રખાવી આઇસર ચાલક આરોપી પ્રવિણભાઇ રણજીતભાઇ ઠાકોર ઉવ.૨૪ રહે. વિરોચનનગર ઠાકોરવાસ તા.સાણંદ જી.અમદાવાદની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની સઘન પૂછતાછમાં આ જથ્થો અન્ય આઇસર રજી. જીજે ૩૬ ટી ૯૯૭૦ માં આરોપી મુન્નાભાઇ ઝાલાભાઇ ગોલતર રહે.હાલ-વટવા અમદાવાદ શહેર મુળ રહે. એંજાર તા.ધ્રાંગધ્રા ના કહેવાથી આરોપી વિજયભાઇ ભરવાડ રહે. ચુંપણી તા.હળવદ દ્વારા ભરી આપવામાં આવેલ હતો. ત્યારે ઉપરોક્ત આઇસર નં. જીજે ૩૬ ટી ૯૯૭૦ માં મોરબીના જેપુર ગામ નજીક પંચર પડતા આ યુરિયા ખાતરનો જથ્થો જીજે ૩૬ વી ૬૯૮૪માં ભરેલ હોવાની કબૂલાત આપી હતી.

ઉપરોક્ત આઇસર રજી. જીજે ૩૬ વી ૬૯૮૪માંથી આશરે ૧૬૨૮૦ કિલો ગ્રામ વજન જે એક કિલો ગ્રામ યુરીયા ખાતની કિંમત રૂપિયા ૬/- લેખે ગણી કૂલ ૧૬૨૮૦ કિલો ગ્રામ યુરીયા ખાતરની કિંમત રૂપિયા ૯૭,૬૮૦/- ખાતરની ખેતી સિવાયના ઉપયોગમાં રેગઝીન બનાવાના ઔદ્યોગીક હેતુ માટે વપરાશ કરતા હોવાનું સામે આવતા પોલીસે આઇસર સહિત કુલ રૂ. ૭ લાખ ૯૭ હજાર ૬૮૦/- નો મુદ્દામાલ કબ્જે લઈ અન્ય ફરાર આરોપીઓને પકડી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ભ્રષ્ટાચારનો જાદુઃ શું પાલિકા તંત્રની કોન્ટ્રાક્ટર સાથે મિલીભગત !

## જસદણમાં પાલિકાના કોન્ટ્રાક્ટરે રોડના પીસીસી કામમાં આચરેલો ભ્રષ્ટાચાર ઢાંકવા રાતોરાત સિમેન્ટ રોડ બનાવી નાખ્યો !: પાલિકાએ ટકાઉ આરસીસી રોડને તોડી નવો સીસી રોડ બનાવવાની કામગીરી શરૂ કરતાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા

**મુખ્ય સમાચાર, બિજલ ભેંસજાળિયા**

**જસદણઃ** જસદણ શહેરના ઘણા વિસ્તારો એવા છે કે જેમાં વર્ષોથી રસ્તાઓ ઉબડખાબડ હાલતમાં ફેરવાઈ ગયેલા જોવા મળી રહ્યા છે. છતાં જસદણ પાલિકા દ્વારા તેનું નવીનીકરણ કે સમારકામ કરવાના બદલે શહેરના નવા બસ સ્ટેશન સુધી હજી ચાલી શકે તેવા ટકાઉ આરસીસી રોડને તોડી નવો સીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરાતા નગરજનોમાં પાલિકા તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. ત્યારે અધૂરામાં પૂરું આ કામના કોન્ટ્રાક્ટર દ્વારા નીતિનિયમોને નેવે મૂકી રોડની સાઈડનું લેવલીંગ કર્યા વગર અને હલકી ગુણવત્તાવાળું પીસીસી કામ કરી પોતાની



મનમાની ચલાવાઈ હતી. છતાં જસદણ પાલિકાના મ્યુનીસીપલ એન્જીનીયર સહિતના જવાબદારો દ્વારા રોડના ચાલી રહેલા નબળા કામને અટકાવી કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવાના બદલે કોન્ટ્રાક્ટરને મોકળું મેદાન આપી દેતા પાલિકા તંત્રની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે. કારણ કે જસદણ પાલિકાના જવાબદારોએ કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવાના બદલે આ રોડના કોન્ટ્રાક્ટરે આચરેલો ભ્રષ્ટાચાર ઢાંકવા માટે સમય આપી કોન્ટ્રાક્ટરે રાતોરાત પીસીસી પર સિમેન્ટ રોડ પાથરી દેતા ભ્રષ્ટાચારની શંકા વધુ ઘેરી બની છે. એકબાજુ સારી હાલતમાં હોય તેવા આરસીસી રોડને તોડીને સીસી રોડ ક્યાં કારણોસર નવેસરથી બનાવવામાં આવી રહ્યો છે તેનો નગરજનોને હજી સુધી જવાબ પણ નથી મળ્યો. ત્યાં નવા બની રહેલા સીસી રોડમાં કોન્ટ્રાક્ટરે પોતાના ઘરની ધોરાજી ચલાવી રાતોરાત સિમેન્ટ રોડ પાથરી દેતા જસદણ પાલિકાના મ્યુનીસીપલ એન્જીનીયર સહિતના જવાબદાર અધિકારીઓ સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. જેથી પાલિકાના પ્રાદેશિક નિયામક દ્વારા આ ભ્રષ્ટાચાર બાબતે તાત્કાલિક તપાસ કરવામાં આવે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી જસદણના જાગૃત નગરજનોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### પ્રાદેશિક નિયામક દ્વારા તાજતેરમાં બનેલા તમામ રોડ-રસ્તાની ચકાસણી કરવામાં આવે તેવી માંગ ઉઠી

જસદણ પાલિકા દ્વારા ચોમાસામાં ચાલી શકે તેવા ટકાઉ આરસીસી રોડને તોડી નવો સીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના લીધે નગરજનોમાં પાલિકા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. જેથી પાલિકાના પ્રાદેશિક નિયામક દ્વારા જસદણ શહેરમાં તાજેતરમાં બનેલા તમામ નવા રોડ-રસ્તાનું સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવે અને તમામ રોડ-રસ્તાની ચકાસણી કરવામાં આવે તેવી નગરજનોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# જામનગરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ. જામનગરમાં શાળા નંબર ૪-૨૧ માં આયોજીત શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ધારાસભ્ય, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકને કુમ-કુમ તિલક કરી આવકારવામાં આવ્યા હતા અને વડાપ્રધાન અને મુખ્યમંત્રીના ચિત્ર વાળા સ્કૂલબેગ તેઓને આપવામાં આવ્યા હતાં. આ ઉપરાંત વામ્બે આવાસ વિસ્તારની સ્કૂલમાં પણ શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. જ્યાં કોર્પોરેટર સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતાં. અહીં પણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બાળકોને સ્કૂલબેગ આપવામાં આવ્યા હતાં.

# મોરબી રોડ પર ઓઈલ મીલમાં ટ્રક રિવર્સ લેતી વેળાએ તોતીંગ વ્હીલ ફરી વળતા વૃધ્ધનું મોત


## ઓવરબ્રિજ ઓળંગતી વેળાએ ટ્રકની ઠોકરે ચડી જતા રાહદારી વૃધ્ધનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર રાજેશ ઓઈલ મીલમાં મગફળીની ફોતરી ઉતારવા આવેલા ટ્રકના ચાલકે રિવર્સ લેતા પાછળ વૃધ્ધને ચગડી નાખતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું.

અકસ્માતને પગલે ટ્રકના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. મળતી વિગત મુજબ મુળ તાલીમનાડુના વતની અને હાલ જુના મોરબી રોડ રાજેશ ઓઈલ મીલમાં કામ કરતા અને ત્યાંજ રહેતા સોમકુમાર મુરૂગન નાદર (પટેલ) (ઉ.વ.30)એ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને પરિવાર આ રાજેશ ઓઇલ મીલમાં કામ કરે છે. તેમના પિતા મુરૂગન પરમાનંદ (ઉ.વ.૬૩) પણ ત્યાં બોઈલરમાં ભઠ્ઠીકામ કરતા હતા. ગઈકાલે બપોરના સમયે પરિવારજનો ત્યાં કામ કરતા હતા ત્યારે એક ટ્રક જે ગોડાઉનમાં





મગફળીની ફોતરી ઉતારવા આવ્યો ત્યારે ટ્રક રિવર્સ લઈ અંદર બાજુ આવતો હતો ત્યારે ટ્રકના ચાલકે મુરૂગનભાઈને કચડી નાખતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. મુરૂગનભાઈને ચાર પુત્ર અને એક પુત્રી છે. આ ઘટનાથી પરિવારમાં શોક છવાર્યો હતો.

જયારે બીજા બનાવમાં મોરબી રોડ ઓવર બ્રીજ પાસે ઉત્સવ સોસાયટીમાં રહેતા કેસુભાઈ ખોડાભાઈ ભેસાણીયા (ઉ.વ.૬૩) નામના વૃધ્ધ બ્રિજ ઓળંગી સામેની બાજુ પેટ્રોલ પંપે જતા હતા ત્યારે ટ્રકના ચાલકે વૃધ્ધને કચડી નાખતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું. આ અંગે ચાલક મોહન ભીમસિંહ માર્વી સામે ગુનો નોંધી તેમને સકંજામાં લેવા તજવીજ શરૂ કરાઈ છે.

# કુવાડવા જીઆઈડીસી પાસે વિદેશી દારૂ ભરેલી કાર સાથે બુટલેગર ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે રાજકોટ અમદાવાદ હાઈવે પર વોચ ગોઠવી શખ્સને દબોચી લઈ કાર સહિત રૂ.૩.૬૪ લાખનો મુદ્દામાલ કબજે : બે વર્ષથી વિદેશી દારૂના ગુનામાં નાસતા ફરતા બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં બુટલેગર વિદેશી દારૂનો જથ્થો ઘુસાડે તે પહેલા જ ક્રાઈમ બ્રાંચની ટીમે કુવાડવા જીઆઈડીસી પાસે કાર સાથે બુટલેગરને દબોચી લઈ રૂ.૩.૬૪ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ ડી.સી.સાકરીયાની સુચનાથી હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ ડાફડા, વિજયભાઈ મહેતા, કુલદિપસિંહ સહિતનો સ્ટાફ રાજકોટ અમદાવાદ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા. તે



દરમિયાન ચોક્કસ બાતમી મળતા પોલીસે કુવાડવા જીઆઈડીસી પાસે વોચ ગોઠવી હતી. ત્યારે કાળા કલરની હોન્ડાસીટી કાર નં.જીજે૦૭ ડીએ૩૮૧૦ નંબરની શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેમનો પીછો કરી કાર અટકાવી તલાશી લેતા વિદેશી દારૂની ૧૩૮ બોટલ કિંમત રૂ.૫૭ હજારનો જથ્થો મળી આવતા પોલીસે કારનો ચાલક અરબાઝ જાકીર શેક (રહે.આરએમસી ક્વાર્ટર કેવલમની સામે પુષ્કરધામ મેઈન રોડ) નામના બુટલેગરની ધરપકડ કરી કાર સહિત રૂ.૩.૬૪ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલા ની સુચનાથી હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ તથા જેન્તીગીરી સહિતના સ્ટાફે વિદેશી દારૂના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો લક્ષ્મીવાડીના ક્વાર્ટરમાં રહેતો પ્રશાંત ઉર્ફે પશો કિશોર પરમાર નામના બુટલેગરની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# નર્મદા કેનાલમાં પગ લપસી જતાં બે યુવાન ડુબતા બંનેના મોત

## કાંઠે પાણી પીવા ગયા અને બંને ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા મોત નિપજયા

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

લખતર તાલુકાના બજરંગપુરા અણીન્દ્રા પાસેથી પસાર થતી નર્મદાની કેનાલમાં બે યુવકો પાણી પીવા માટે ઉતર્યા હતા. ત્યારે જ પગ લપસતા આ બંને યુવકો પાણીમાં ગરમ થઈ ગયા હતા. જે અંગેની જાણ સ્થાનિકોને થતા તુરંત - શોધખોળ હાથ ધરવામાં આવી હતી તેમાંથી એક - યુવકનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો હતો જ્યારે બીજા યુવકની શોધખોળ હાથ ધરવામાં આવી = છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જેનો મૃતદેહ મળી આવ્યો છે તે યુવકને સંતાનમાં બે માસની પુત્રી છે અને આજે તેની મેરેજની વર્ષગાંઠ પણ હોવાનું પરિવારોએ જણાવ્યું છે. જેનાથી ભારે શોકનું વાતાવરણ છવાયું છે. બજરંગપુરા-અણીન્દ્રા પાસેની કેનાલમાં જે બે યુવકો ડૂબ્યાની ઘટના બની છે તેઓ પાણી પીવા માટે ઉતર્યા બાદ અકસ્માતે ડૂબ્યા હોવાનુ સામે આવ્યું છે. બે પૈકીના એક યુવકનો મૃતદેહ મળી? આવ્યો છે જ્યારે અન્ય એકની શોધખોળ હાથ ધરી છે. આ બંને યુવકો ખેતરની ઓરડીમાં વાયરિંગ કામે ગયા હતા અને તરસ લાગતા કેનાલમાં પાણી પીવા માટે ઉતર્યા હતા ત્યારે આ ગોઝારી ઘટના સામે આવી હતી. આ ઘટનાના પગલે લોકોના ટોળેટોળા બનાવના સ્થળે એકઠા થઈ ગયા હતા. આ બન્ને યુવકો સુરેન્દ્રનગરના રતનપરના હોવાનું ખુલવા પામ્યુ છે. આ ગોઝારી ઘટનાની જાણ થતા સુરેન્દ્રનગર ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોચી હતી. અને મૃતક યુવકોના પરિવારને જાણ કરવામાં આવી હતી. જેમા આ ગોઝારી ઘટનાને લઈ પરિવાર શોકમગ્ર બન્યો હતો. જેમાં કેનાલમાંથી મળેલા હું યુવકના મૃતદેહને પીએમ અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત લખતર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે મૃતકના ભાઈ શેખ મકસુદભાઈએ જણાવ્યું હતું કે, મારો નાનો ભાઈ સદામહુસેન સલીમભાઈ શેખ ગામડામાં વાડી પાસેના મકાનમાં ઇલેટ્રીકનું કામ કરવા માટે ગયો હતો. હું ઘેર જમવા આવ્યો ત્યારે ૧૦૮ વાળાનો ફોન આવ્યો હતો કે, આ ભાઈની કેનાલમાંથી લાશ મળી આવી છે. તમે આવી જાવ. પછી અમે ઘટનાસ્થળે પહોંચ્યા અને મારા ભાઈની લાશને ૧૦૮ એમ્બ્યુલન્સ વાનમાં લખતર સરકારી હોસ્પિટલ ખાતે લાવ્યા છીએ. એને બે મહિનાની દીકરી છે અને આજે એમની મેરેજ એનીર્વસરી હતી. ત્યારે આ બનાવી બનતા પરિવાર પર જાણે આભ તૂટી પડયું હતું.

# રાજુલામાં પાંચ શખ્સોએ હુમલો કરતા ઘવાયેલા યુવાનનું મોતઃ બનાવ હત્યામાં પલ્ટાયો

## તુ અમારા વિડિયો કેમ ઉતારે છે તેમ કહી પાંચ શખ્સો બંને ભાઈઓ પર ધોકા-પાઈપ વડે તુટી પડયા હતા

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલીના રાજુલામાં નવા રેલવે સ્ટેશન પાસે આવેલા મફતિયાપરામાં રહેતો બે દિવસ પૂર્વે પોતાનું બાઈક લઈને જતો હતો ત્યારે ગામના જ બે શખ્સોએ તેને આંતરિ 'તું અમારો વિડીયો ઉતારે છે'' તેમ કહી લાકડાના ધોકા અને પાઈપ વડે બેફામ માર માર્યો હતો તેની જાણ મોટાભાઈને થતા તે પણ ગામ તરફ આવતો હતો ત્યારે આ બે શખ્સોએ તેના અન્ય ત્રણ સાગરીતો સાથે મળી તેના ઉપર પણ જીવલેણ હુમલો કર્યો હતો. જેથી ગંભીર હાલતમાં ઘવાયેલા મોટાભાઈને રાજકોટની સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. ત્યાં તેનું મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો છે.

આ અંગેની માહિતી મુજબ નવા રેલ્વે સ્ટેશન પાસે મફતપરામાં રહેતાં અને મજૂરી કરી ગુજરાન ચલાવતાં રણજીત ભરતભાઈ ધાખડા (ઉ.વ.૨૫)ની ફરિયાદ






પરથી રાજુલામાં જ રહેતાં ઝુબેર અને સુલેમાન વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

રણજીતે પોલીસને જણાવ્યું હતું કે અમે ત્રણ ભાઈઓ છીએ, મોટાભાઈનું નામ હરસુરભાઈ ઉર્ફે લાલો છે. સૌથી નાનાનું નામ દીપકભાઈ છે. તા. ૨૪/૬ના સાંજે પાંચેક વાગ્યે હું ઘરેથી મોટર સાઇકલ હંકારી મારા ફઈ સોનીબેનને વડલી ગામે તેડવા જતો હતો. આ વખતે વડલી રોડ મફતપરા વિસ્તારમાં અલ્લારખાભાઈની દુકાન પાસે પહોંચતા તયાં રહેતો ઝુબેર અને તેનો ભાઈ સુલેમાન ત્યાં ઉભા હોઈ હું ત્યાંથી થોડે દૂર જતાં ઝુબેર બૂલેટ લઈને આગળ આવ્યો હતો. જેથી હું ઉભો રહેતાં ઝુબેરે તું કેમ મારો વિડીયો ઉતારે છે?' જેથી મેં કહેલું કે મેં કોઈ વિડીયો ઉતાર્યો નથી. આ પછી ઝુબેરનો ભાઈ સુલેમાન આવી ગયો હતો અને આ બંને મને ઢીકાપાટુ મારવા માંડયા હતાં. મને જમણી આંખે ઇજા થઈ હતી. બૂલેટમાંથી પાઈપ કાઢીને ઘા મારતાં જમણા કાન પાછળ માથામાં ઈજા થતાં લોહી નીકળવા માડયા હતાં. એ પછી આ બંનેએ મારી નાખવાની ધમકી આપી હતી અને ઝુબેરે કહેલું કે-હું રાજુલા પીઆઈથી લઈને અમરેલી એસપીને સેક્શન આપુ છું, તારાથી જે થાય તે કરી લેજે. ત્યારબાદ આ બંને ભાઈઓ જતાં રહ્યા હતાં. અમ બનાવની જાણ મેં મારા મોટા ભાઈ હરસુરભાઈને કરી હતી. બાદમાં મને દવાખાને લઈ જવાયો હતો. આ અંગે રાજુલા પોલીસે ગુનો નોંધ્યો હતો.બીજી તરફ નાના ભાઈ રણજીત પર હુમલો થયાની જાણ થતાં મોટો ભાઈ હરસુરભાઈ ગામમાં આવતો હોઈ તેને રાજુલાના જુના કડીયાળી ગામે જવાના રસ્તે ઝુબેર, સુલેમાન, લતીફ, ઝુબેરના માણસ જેરી અને અજાણ્યાએ હુમલો કરી માથામાં દાતરડું ઝીંકી દઈ તેમજ પાઈપથી આડેધડ ઘા ફટકાર્યા હતાં. જેમાં તેને શરીરે, બંને પગ, બંને હાથ, માથા, વાંસામાં ઈજા થતાં રાજુલા સારવાર અપાવી અમરેલી હોસ્પિટલમાં ખસેડયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ બનાવમાં રાજુલા પોલીસે હરસુરભાઈના માતા પ્રસન્નબેન ભરતભાઈ ધાખડા (ઉ.વ.૫૦ની ફરિયાદ પરથી ઝુબેર, તેના ભાઈ સુલેમાન સહિત પાંચ વિરૂધ્ધ આઈપીસી ૩૨૩, ૩૨૫, ૩૨૬, ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબ ગેરકાયદે મંડળી રચી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવાનો ગુનો નોંધ્યો હતો. સારવાર દરમિયાન બપોરે રાજકોટ સિવિલમાં હરસુભાઈનું મોત નિપજતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. જે તે વખતે રાજકોટ હોસ્પિટલ ખાતે આવી પીએસઆઈ કે. ડી. હડીયાએ અલગથી ગુનો નોંધ્યો હતો. હવે તેમાં હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ કરવામાં આવી છે.

# છેલ્લા ઘણા દિવસથી વાહન ધારકોને ભારે ગરમી વચ્ચે આરટીઓનો ધરમ ધક્કોઃ અરજદારોમાં વ્યાપક દેકારા સાથે ભારે રોષની લાગણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં આરટીઓ તંત્રનું સર્વર વારંવાર ઠપ્પ થઇ જવાની સમસ્યા હવે માથાના દુઃખાવા રૂપ બની ગઈ છે. ગમે ત્યારે ટેકનીકલ બહાના હેઠળ આરટીઓ તંત્ર દ્વારા સર્વર બંધ કરી દેવામાં આવે છે. જેના કારણે હજારો અરજદારોના કામો ખોરંભે પડી જાય છે. રાજકોટ આરટીઓ કચેરીમાં જ છેલ્લા ૧૦ દિવસથી ટેકનીકલ ક્ષતિના બહાના હેઠળ ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક બંધ કરી દેવામાં આવેલ છે. જેના કારણે છેલ્લા ઘણા દિવસથી વાહન ધારકોને ભારે ગરમી વચ્ચે કચેરીના ધરમ ધક્કા થઇ રહ્યા છે. આથી અરજદારોમાં વ્યાપક દેકારા સાથે ભારે રોષની લાગણી પ્રસરી ગઈ છે.

છેલ્લા દસ દિવસથી આસ્ટીઓ કચેરીનો ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક બંધ છે ત્યારે ફરી એક વખત આરટીઓ કચેરી દ્વારા આજ તા. ૨૬થી તા.૨૯ સુધી ફરી એકવાર ફોર




વ્હીલર માટે ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક બંધ રાખવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાજકોટના પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે કે આરટીઓ રાજકોટ ખાતે કાર્યરત ફોર વ્હીલર વાહનો માટેનો ઓટો મેટેડ ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક ટેક્નીકલ કારણોસર તા.૨૬-૬થી ૨૯-૬ દરમિયાન બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન જે અરજદારોએ ફોર વ્હીલર વાહન માટે ટેસ્ટ ટ્રેકની એપોઇન્ટમેન્ટ લીધેલ છે તેમની એપોઈન્ટમેન્ટ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી રાજકોટ દ્વારા રિ- કરી છે જેના કારણે રાજકોટના ૧૫૦૦થી વધુ વાહન ધારકો વેઈટીંગ લીસ્ટમાં આવી ગયા છે.

વાહન ધારકોની ફરિયાદ છે કે છેલ્લા ઘણા દિવસોથી આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે જેના કારણે લોકોને ભારે ગરમી વચ્ચે કચેરીના ધરમધક્કા થઈ રહ્યા છે. દરમિયાન આ પ્રશ્ન અંગે કે.એમ. ખપેડનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે ડ્રાઈવીંગ ટ્રેકના સેન્સર ટેકનીકલ કારણોસર બંધ થઇ ગયા છે અને આ સેન્સરનું રીપેરીંગ રાજકોટમાં થતું નથી આર્થી છેલ્લા કેટલાક દિવસથી આ સેન્સરને ગાંધીનગર ખાતે રીપેરીંગ માટે મોકલવામાં આવ્યા છે. જ્યારે આ સેન્સરો રીપેરીંગ થઈ આવી જાય એટલે તુરંત ફરી ડ્રાઇવીંગ ટ્રેક શરૂ કરી દેવામાં આવશે.

સિડયુલ કરી આપવામાં આવેલ છે. જેની રાજકોટ જિલ્લાની જાહેર જનતાએ નોંધ લેવી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦ દિવસથી ટેકનીકલ બહાના હેઠળ ડ્રાઈવીંગ ટ્રેક બંધ છે અને હવે ફરી આગામી તા.૨૯ સુધી ટ્રેક બંધ રાખવાની આરટીઓ તંત્રએ જાહેરાત કરી છે.

# કેશોદના બામણાસા ગામે યુવાનની હત્યા કરનાર વ્યાજખોર મહિલા સહિત ચારની ધરપકડ

## ખેડૂતે વ્યાજે લીધેલા રૂા.૫ લાખના બદલામાં જમીન લખાવી લઈ દસ્તાવેજ કરી આપવા દબાણ કરી યુવાનને પતાવી દીધો હતો

**મુખ્ય સમાચાર, કેશોદ**

કેશોદના પીપલીયાનગર માંગરોળ રોડ પર રહેતાં હાજાભાઈ વાહીયા એ પોતાનાં વતન ભામણાસા ગામે આવેલ ખેતીની જમીન નું લખાણ કરી ઉછીના રૂપિયા પાંચ લાખ હરદાસભાઈ પીઠાભાઈ નંદાણીયા પાસેથી લીધા હતાં જેનું નિયમિતપણે વ્યાજ ચુકવી રહ્યાં હતાં છતાં ખેતીની જમીનનો દસ્તાવેજ કરી આપવા દબાણ કરતાં હોય કંટાળી ઝેરી દવા પીધી હતી અને પોલીસમાં ફરિયાદ કરી હતી આમ છતાં હકીક્તની ગંભીરતાથી ન લઈ નક્કર કાર્યવાહી હાથ ધરવામાં ન આવતાં નિર્દોષ નિલેશભાઈ હાજાભાઈ વાઢીયા સાથે ખૂની ખેલ ખેલાતા મૌત નીપજ્યું હતું. કેશોદ પોલીસ સમક્ષ નપનાબેન નીલેશભાઈ વાહીયા ઉંમર વર્ષ ૩૦, રહેવાસી પીપલીયાનગર, માંગરોળ રોડ કેશોદ વાળાએ નોંધાયેલી હરિયાદમાં જણાવ્યા મુજબ સવારે કેશોદ થી મોટરસાયકલ પર હાજાભાઈ વાહીયા, નીલેશભાઈ વાઢીયા, હીરીબેન હાજાભાઈ વાઢીયા અને નયનાબેન નીલેશભાઈ વાઢીયા ભામણાસા પોતાના ખેતરમાં ખેતીકામ કરીને બપોરે નયનાબેન પોતાના પતિ નીલેશભાઈ અને દોઢ વર્ષની દિકરી સાથે મોટરસાયકલ પર બાજુમાં આવેલ



કતઠપરા ગામે ઠાકાનાં ઘરે આંટો મારવાં જતાં રસ્તામાં મહેશભાઈ હરદાસભાઈ નંદાણીયા અને દિનેશભાઈ હરદાસભાઈ નંદાણીયા બુલેટ મોટરસાયકતા પર આવી રોકીને પૈસા કેમ આપતો નથી કહીને લોખંડના પાઈપ વડે આડેધડ માર મારતાં નયનાબેન નીલેશભાઈ વાઢીયા વચ્ચે પડતાં તેઓને પણ પગમાં પાઈપ મારી ઈજાગ્રસ્ત કર્યા હતાં. ભંગે ભાઈઓ એ વાતચીત કરવા પોતાનાં ઘરે દબાણ હેઠળ લઈ જતાં ત્યાં હરદાસભાઈ પીઠાભાઈ નંદાણીયા, મહેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, દીનેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, જાનીબેન હરદાસભાઈ નંદાણીયા રહેવાસી તમામ ભામણાસા તાલુકો કેશોદ હાજર હોય એકસંપ કરી કોદાળી દાતરડું લોખંડના પાઈપ વડે આડેપડ માર મારતાં નીલેશભાઈ બેભાન થઈ જતાં તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે કેશોદ સભ ડિસ્ટ્રિક્ટ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોય જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યાં હતાં. જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યાં હતાં પરંતુ ભાનમાં ન આવતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત નીલેશભાઈ હાજાભાઈ વાહીયા ને ફરજ પરનાં મેડિકલ ઓફિસરે મૃત જાહેર કર્યા હતાં. કેશોદ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એસ કે મહેતા એ નયનાબેન નીલેશભાઈ વાઢીયા ઉંમર વર્ષ ૩૦, રહેવાસી પીપલીયાનગર, માંગરોળ રોડ કેશોદના નિવેદન નોંધી હરદાસભાઈ પીઠાભાઈ નંદાણીયા, મહેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, દીનેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, જાનીબેન હરદાસભાઈ નંદાણીયા રહેવાસી તમામ બામણાસા તાલુકો કેશોદ પતિ પત્ની અને બન્ને પુત્રો વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જુનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના મુજબ આરોપીઓને તાત્કાલિક ઝડપી લેવા જરૂરી પગલાં લેવા જણાવતાં ચાર અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલિંગ સવન બનાવવામાં આવ્યું હતું ત્યારે કેશોદ પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સપેક્ટર અનિરુદ્ધસિંહ ગોહિલને ખાનગી રાહે માહિતી મળી હતી કે માણાવદર તરફ ચારેય આરોપીઓ હોય ઈન્ચાર્જ ડીવાયએસપી દિનેશ કોડિયાતર ના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફે ગણતરીના કલાકોમાં હરદાસભાઈ પીઠાભાઈ નંદાણીયા, મહેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, દીનેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, જાનીબેન હરદાસભાઈ નંદાણીયા રહેવાસી તમામ બામણાસા તાલુકો કેશોદ ની અટક કરી ગુનાના કામમાં ઉપયોગમાં લેવામાં આવેલ વાહનો, હથિયાર સહિત પુરાવાઓ એકત્રિત કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પોલીસ હેડ કવાર્ટર ખાતે ટ્રાફિક બ્રિગેડ ભરતી મેળો યોજાયોઃ ૧૯ યુવતી અને ૧૭૫ જવાનો ભરતી કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યામાં વાહનચાલકોને સરળતા રહે અને ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે અપૂરતા પોલીસ સ્ટાફને મદદરૂપ થાય તેવા હેતુસર શહેર ટ્રાફિક પોલીસ દ્વારા હેડ ક્વાટર ખાતે ભરતી મેળો યોજાયો હતો જેમાં ૧૯ યુવતી સહીત ૧૭૫ ટ્રાફિક બ્રિગેડ જવાનોની ભરતી કરવામાં આવી છે આ તમામને એક મહિનો તાલીમ આપ્યા બાદ તમામને ફરજનો સોપણી કરવામાં આવશે.

રાજકોટમાં દિવસે ને દિવસે વાહનોની સંખ્યા વધી રહી છે અને



રસ્તાઓ યથાવત છે આવી પરિસ્થિતિમાં દરરોજ અનેક સ્થળોએ ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોય છે ત્યારે શહેર ટ્રાફિક પોલીસ સાથે મદદરૂપ થતા હોય તેવા ટ્રાફિક બ્રિગેડ જવાનોની ભરતી શહેર પોલીસ હેડ કવાટર ખાતે યોજવામાં આવી હતી ટ્રાફિક એસીપી જયવીર ગઢવીએ જણાવ્યું હતું કે શહેરમાં ૧૭૫ જેટલા ટ્રાફિક બ્રિગેડની જરૂરિયાત હતી જે સંદર્ભે અરજીઓ મંગાવી આજે તમામની શારીરિક કસોટી લેવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ઉમેદવારોએ ભાગ લીધો હતો પરંતુ પરીક્ષામાં પાસ થયેલ ૧૯ યુવતી સહીત ૧૭૫નું સિલેકશન થતા હવે તમામને એક મહિનો ટ્રાફિક બ્રિગેડની તાલીમ આપવામાં આવશે આ તાલીમ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામને ફરજની સોપણી કરવામાં આવશે.

# મૂક બધિર મહિલાનું સાંકેતિક ભાષામાં કાઉન્સેલિંગ કરતી ૧૮૧ અભયમ ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૮૧ અભયમ મહિલા હેલપલાઈન પર પીડિતા દ્વારા રાજકોટ શહેર ના મોરબોરોડ વિસ્તાર માંથી કોલ આવેલ જેઓ ને સાસુ દ્વારા હેરાનગતિ હોય આથી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન રાજકોટ સ્થિત અભયમ ટીમ ના કાઉન્સેલર કૃપાલીબેન ત્રિવેદી તથા મહિલા કોન્સ્ટેબલ મયુરીબેન પરમાર,પાયલોટ મુકેશભાઈ




ઘટના સ્થળ પર પહોંચતા પીડિતા એ જણાવેલ તેમના સાસુ મુક બધિર છે તેઓ ઘરકામ તથા અન્ય બાબતો થી ઝગડો કરી ને ઘર ની બહાર નીકળી જાય છે ને પરત આવીશ નહિ તેમ કહે છે,તેઓ બોલી કે સાંભળી શકતા નથી પરંતુ તેઓ ને એમજ થાય કે બધા આખો દિવસ મારી સાથે બોલે, તેથી પીડિતા ના સાસુ સાથે સાંકેતિક ભાષા માં સમસ્યા ની ચર્ચા કરતા તેઓ એ જણાવેલ મારી વહુ ,દીકરો ને મારા પતિ ને લઈ જાવ પોલીસ સ્ટેશન માં મારી સાથે ઝગડો કરેછે, મોઢું ફુલાવીને ફરેછે ત્યારબાદ સાંકેતિક ભાષા માં કાઉન્સેલિંગ કરતા તેઓ ખુદ ની લાગણી, વ્યથા ક્યારેક વ્યક્ત કરી શકતા ન હોય અને ક્યારેક પરિવાર પણ નથી સમજી શકતો તેવું પણ થતું હોય, ટીમ અભયમ ના કાઉન્સેલિંગ થી ખુબજ ખુશ થઈ ગયા ને ફરી થી સાસુ વહુ ઝગડો કરીશું નહિ અને બધા હળીમળી ને સાથે રહેશું કહી ને મુક બધિર મહિલા એ ૧૮૧ અભયમ ટીમ ને સાંકેતિક સેલ્યુટ કરી આભાર વ્યક્ત કર્યો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT